અમદાવાદ ચૂંટણી પ્રવાસે આવેલા શાઝિયા ઈલ્મીએ અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પર આવેલા દહેગામ ખાતે આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશ વાઘેલાના ચૂંટણી પ્રચાર માટે આજે ભવ્ય રોડ શો કર્યો હતો. સવારે ૧૦ વાગે શરૂ થયેલા આ રોડ શોમાં મોટા પ્રમાણમાં કાર્યકર્તાઓ બાઈકો અને ગાડીઓ સાથે જોડાયા હતા. દહેગામની જનતા પણ આ રોડ શોમાં ઉત્સાહ સાથે જોડાઈ હતી.

ભાજપનું આજથી ત્રિદિવસીય બૌધ્ધિક સંમેલન યોજાશે

અડવાણીની લીડ વધારવા સમાજમાં વિશેષ પ્રભુત્વ ધરવતા બુધ્ધિજીવીઓનો સહકાર લેવાશે

ગાંધીનગર, તા.૨૪

સમાજને અસર કરી શકે તેવા પરિબળોનું મજબૂત સમર્થ મેળવી અડવાણીજીને ભારે લીડથી વિજયી બનાવવા ભાજપ દ્વારા આવતીકાલથી ત્રિદિવસીય બૌધ્ધિક સંમેલન યોજવામાં આવશે. જેમાં ડોકટર, એન્જિનિયરો, બિલ્ડરો ઉપરાંત ચાર્ટડ એકાઉન્ટન્ટ સહીતના શિક્ષિત બુધ્ધિજીવીઓનો સહકાર લેવાશે.

લાલકૃષ્ણ અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા ભાજપ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ ગ્રુપ મીટીંગ તેમજ બાઈક રેલી સહીતના પ્રચાર કાર્યક્રમોનું આયોજન કરી દેવાયું છે. આ પૈકી શહેરના મોટા ભાગના સેકટરોમાં ડોર ટુ પ્રચાર ઝુંબેશ પૂર્ણ કરી દેવાયેલ છે. ભાજપના મીડીયા કન્વીનર જીજ્ઞેશ જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સામાજિક ક્ષેત્રે વિશેષ પ્રભુત્વ ધરાવતા ડોકટર, એન્જિનિયરો, બિલ્ડરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સહકાર ક્ષેત્રના અગ્રણીઓનું તબક્કાવાર બૌધ્ધિક સંમેલન યોજવામાં આવશે. જેમાં તા. ૨૫મી એપ્રિલે રાધે આર્કેડ ખાતે સાંજે ૮ વાગે આઈ.ટી., પ્રશિક્ષા સેલ તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સેલના પદાધિકારીઓનું સંમેલન યોજાશે. ત્યારબાદ ડોકટર સેલ અને ૨૭મીએ એન્જિનિયર અને બિલ્ડર સેલનું બૌધ્ધિક સંમેલન યોજવામાં આવશે. બૌધ્ધિક સંમલેનને અનુલક્ષી ગાંધીનગર વિધાનસભાના ઈન્ચાર્જ તરીકે વિમલ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. સમાજના વિવિધ વર્ગમાં વિશેષ પ્રભુત્વ ધરાવતા બુધ્ધિજીવીઓના સહયોગથી મતદારોને પોતાની તરફ આકર્ષવા અને અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા ચુંટણી લક્ષી બૌધ્ધિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

વેકેશન - મિત્રો અને ગરમીમાં રાહત આપતા શેરડીનાં રસનો સાથ ખુબ જ આનંદની પ્રતિતી કરાવે છે. નગરમાં ઠેર-ઠેર આવા દેશ્યો જોવા મળી રહ્યા છે. મસ્ત મજાની આ સફર લગભગ ૧ મહીનો સુધી ચાલશે.
(તસવીર : કશ્યપ નિમાવત)

રક્ત ચંદનનું રેકેટ બહાર લાવવા પોલીસની ટીમ આંધ્રપ્રદેશ રવાના

એક પી.એસ.આઈ. તથા છ માણસોની ટીમ એક આરોપીને સાથે લઈને નીકળી : આંધ્રની પ્રાદેશિક ભાષા જાણતો એક કોન્સ્ટેબલ સાથે લઈ જવાયો

ગાંધીનગર, તા. ૨૪

ચંદનના જથ્થા સાથે આંધ્ર-દેશથી દિલ્હી તરફ લઈ જવાઈ રહેલી ટ્રક ગાંધીનગર આર.આર. સેલની ટીમે ગાંધીનગર જીલ્લાના ડભોડા નજીકના જેઠીપુરા ગામ પાસે રોડ પર વોચ ગોઠવીને ઝડપી પાડી રૂ.૧.૪૯ કરોડ ના મુદ્દામાલ સાથે ૩ શખ્સો ની ધરપકડ કરી હતી.તપાસ માટે કોર્ટે ૧૪ દિવસના રીમાન્ડ મંજુર કરતા ઝડપાયેલા ૩ શખ્સોની રેકેટના મૂળ સુધી પહોચવા પોલીસે તપાસ શરુ કરી છે.આજે પોલીસ ની એક ટીમ એક આરોપીને સાથે રાખીને આંધ્ર-દેશ તપાસ માટે નીકળી ગઈ છે.

ડભોડા પાસે જેઠીપુરા ગામે વોચ પર ગોઠવાઈ જઈ આર.આર સેલ ની ટીમે તમિલનાડુ પાસિંગની ચંદન ભરેલી ટ્રક પકડી પાડી હતી.પોલીસે ચેન્નાઈ ના આમીર અલી મહમદ યુસુફ મુસ્લિમ તથા એસ.કે પાલ પાંડિયન કુલાન્ડાઈ પાંડિયન અને તમિલનાડુ ના એન.સીનુંવાસન નાતેસન મળીને ૩ શખ્સો ની ૬ મોબાઈલ , ૧૦ હજાર રોકડા તથા ૧૫ લાખ નો ટ્રક અને ૧૧,૧૯૫ કિલો રક્ત ચંદન મળીને કુલ રૂ.૧,૪૯,૬૪,૫૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી.પૂછતાછ માં આંધ્ર-દેશના ક્રિંા રેડ્ડી નામના શખ્સે તેમને દિલ્હી માલ લઈ જઈને ફોન કરવા જણાવ્યું હોવાનું બહાર આવતા તે દિશામાં તપાસ કરવા સી.ડી.આર કઢાવવા કાર્યવાહી શરુ કરવામાં આવી છે.આજે એક પી.એસ.આઈ. એ કે.ભરવાડ તથા છ માણસો સહિતની ટીમ તપાસ માટે આંધ્ર-દેશ રવાના થઈ ગઈ છે.આંધ્ર ની-દેશિક ભાષા જાણતા એક કોન્સ્ટેબલ ને પણ સાથે લઈ જવાયા છે. ક્રિંા રેડ્ડી પકડાય તો આંતર રાષ્ટ્રીય રેકેટ બહાર આવે તેવી સંભાવના નકારી શકાય નહિ.

ચોથી મેથી સરકારી વકીલની પરીક્ષા ૭૦૦૦થી વધુ વકીલો પરીક્ષા આપશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા આગામી ૪ મેના રોજ સરકારી વકીલ બનવાની પરીક્ષા યોજાશે. આ પરીક્ષા ૪ મે અને ૫ મે એમ કુલ બે દિવસ ચાલશે. ૫૪૨ સરકરી વકીલની જગ્યા માટે અંદાજે ૭૦૦૦ જેટલા વકીલ પરીક્ષા આપશે. આ પરીક્ષામાં બે ના બદલે પાંચ પેપર આયોજીત કરાાય હોવાના કારણે સમગ્ર વકીલ આલમમાં વિરોધ ઉભો થયો છે.

ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા આગામી ૪ અને ૫ મે ના રોજ સરકારી વકીલ બનવા અર્થેની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં આ વખતે આયોગ માળખુ બદલ્યું છે. આ વખતના પરીક્ષામાં બેસનાર ઉમેદવારોએ બે ના બદલે પાંચ પેપર આપવા પડશે. જેમાં ગુજરાતી, અંગ્રેજી ગ્રામર અને કાયદાના ત્રણ પેપર મળી કુલ પાંચ પેપર આપવા પડશે.

ઉપરાંત આ પરીક્ષા ઓએમઆર પ્રકારની નહીં હોય આ પરીક્ષામાં ઉમેદવારોએ પેપર લખવાનું રહેશે. આયોગ દ્વારા આગામી લેવાનાર પરીક્ષામાં બેના બદલે પાંચ આપવાના થતાં હોઈ વકીલ આલમમાં વિરોધ ઉભો થઈ ગયો છે. જેની બાર કાઉન્સીલ સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે. એટલું જ નહીં વકીલની ફરીયાદ છે કે સતત સાત કલાક સુધી પેપરનો સમય વધારે પડતા છે. આગામી ૪ મે થી ૫૪૨ જગ્યા માટે ૭૦૦૦ જેટલા વકીલો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી પરીક્ષા આપશે.

આજે સરખેજમાં શાઝીયા ઈલ્મીની જાહેર સભા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર લોકસભાની બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતાના ચૂંટણી પ્રચાર અર્થે આમ આદમી પાર્ટીની સ્ટાર પ્રચારક આજે ગુજરાતની મુલાકાતે છે. તેઓ આંજે સાંજે ૪.૩૦ થી ૬ કલાક દરમિયાન અમદાવાદના સરખેજ સ્થિત રોયલ અકબર ટાવર સામે જાહેરસભા સંબોધશે અને ઉમેવાદર રીતુરાજ મહેતા માટે ચૂંટણી પ્રચાર કરશે.

ગુજરાતમાં લોકસભાની ચુંટણીને લઈ આગામી દિવસોમાં મતદાન થનાર છે જેને હવે ગણતરીના દિવસો બાકી છે. સમગ્ર ગુજરાત રાજયમાં હાલ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારકો પણ ગુજરાતમાં આવી રહ્યા છે અને રોડ શૉ તેમજ સભાઓ ગજવી રહ્યા છે ત્યારે ગાંધીનગર લોકસભાની બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતા ચૂંટણી પ્રચાર માટે આમ આદમી પાર્ટીની સ્ટાર પ્રચારક શાઝીયા ઈલ્મી સરખેજમાં ચૂંટણી સભાને સંબોધશે. સાંજે ૪.૩૦ થી ૬ કલાકે સરખેજના રોયલ અકબર ટાવર સામે જાહેસભાને સંબોધશે અને આપ પાર્ટીના ઉમેદવાર અને બિલ્ડર રીતુરાજ મહેતાના સમર્થનમાં 'આપ' પાર્ટીને મત આપવા અપીલ કરશે.

આજે સે-૩-સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૪

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આજ રોજ શુક્રવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન મીનાબેન વસંતભાઈ સુતરીયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭૨/૨, સે-૩-સી ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજવામાં આવશે. આ પ્રસંગે નગરના ભકતજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે સે. ૨૭માં ઓખાહરણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

પવિત્ર ચૈત્ર માસને પાવન કરતી ઓખાહરણ કથા આનંદનગર વસાહત મંડળ, સે. ૨૭, ગાયત્રીપરિવાર ગાંધીનગર જિલ્લા દ્વારા આજરોજ શુક્રવાર સાંજે ૮ થી ૧૧ કલાક દરમિયાન સેક્ટર-૨૭ નવરાત્રી ચોક ખાતે યોજવામાં આવશે. ડૉ. મમતાબેન પંડિત દ્વારા ઓખાહરણ પર વક્તવ્ય આપવામાં આવશે. આ કથામાં ગાંધીનગરના શહેરીજનોને ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

શહેર વસાહત મહામંડળે આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ગાંધીનગરની બેઠકના ઉમેદવારોનો પરિચય કરાવતો આપણા ઉમેદવારને ઓળખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે અનિવાર્ય સંજોગોને કારણે મુલત્વી રાખવામાં આવ્યો છે. ત્યારે આ કાર્યક્રમમાં સહકાર આપેલ ઉમેદવારો, મતદારો, ચૂંટણીપંચ, કલેક્ટર, મામલતદાર દ્વારા સહકાર આપવા બદલ શહેર વસાહત મંડળ પ્રમુખ અરૂણભાઈ બૂચે આભાર માન્યો છે.

નેનો પ્રોજેક્ટ : કરવેરા લહાણી સામે થયેલી અરજીને ફગાવાઈ

નેનો પ્લાન્ટને રાહતો વાજબી નથી તેવી દલીલો હાઈકોર્ટે ફગાવી : સરકારની ઔદ્યોગિક નીતિ બિલકુલ યોગ્ય:કોર્ટ

અમદાવાદ, તા.૨૪

શરૂઆતથી વિવાદમાં રહેલા તાતા મોટર્સના સાણંદ ખાતે આવેલા નેનો પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર દ્વારા કરવેરાની મોટી રાહત આપવા સામે અરજદાર હિમાંશુ પટેલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરી હતી. અરજદારના વકીલ વતી દલીલ થઈ હતી કે નેનો પ્લાન્ટ માટે આપેલી રાહતો વ્યાજબી નથી.

પંરતુ ચીફ જસ્ટિસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે અરજદાર હિમાંશુ પટેલ વતી કરાયેલી રજુઆતો સ્વીકારવા ઈન્કાર કર્યો હતો. કોર્ટે નોંધ્યું છે કે રાજ્ય સરકારની ઔદ્યોગિક નીતિ યોગ્ય છે અને તાતાને અપાયેલ કર રાહતોમાં કોઈ ગેરકાયદેસરતા નથી. આ સમગ્ર કેસની વિગત એવી છે કે તાતા મોટર્સમધ્યમવર્ગના નાગરીકોમાટેસસ્તી કાર બનાવવા પશ્ચિમ બંગાળમાં નેનો પ્રોજેક્ટ સ્થાપવા પ્રયાસ કર્યો હતો પરંતુ પશ્ચિમ બંગાળમાં નેનો પ્રોજેક્ટ અંડો વિવાદ થતાં પ્રોજેક્ટ નામંજુર થયો હતો. પશ્ચિમ બંગાળમાં નેનો પ્રોજેક્ટ પડતું મુકાતા ગુજરાત સરકારે નેનો પ્રોજેક્ટ ગુજરાતમાં સ્થાપવા તાતા મોટર્સને આવકાર્યા હતા. જેમાં સરકારે નેનો પ્રોજેક્ટ માટે કરવેરાની લહાણી કરી હતી. તાતા મોટર્સના નેનો પ્રોજેક્ટને કરવેરાની લહાણી ઉપરાંત વેલ્યુ એડેડ ટેક્સની રિકવરી ૦.૧ ટકાની સોફ્ટલોન આપવાના નિર્ણયને પડકારતી જાહેરહિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી. અરજદાર હિમાંશુ પટેલ દ્વારા કરવામાં આવેલ જાહેરહિતની અરજીમાં તેમના વકીલ યતીન ઓઝાએ રજુઆત કરી હતી કે સરકારે તાતા નેનો પ્લાન્ટ માટે આપેલી રાહતો વ્યાજબી નથી. સરકાર ટેક્સમાં રાહત આપે તો એ સમજી શકાય પણ ટેક્સની રિક્વરી પર રિફંડ અપાય એન ચાલે વેટમાં રાહત અપાય તો એમાં કંપનીને અને ગ્રાહકને બંનેને ફાયદો છે. પણ જ્યારે ગ્રાહક પાસેથી ટેક્સ વસુલી લેવામાં આવે અને ત્યારબાદ આ જ કરવેરાની સામે ૦.૧ ટકાની લોન આપવામાં આવે તો એ ગ્રાહક સાથે પણ અન્યાય છે અને કંપનીને સીધો ફાયદો કરાવવા માટે સરકારે જીઆ બહાર પાડીને ૦.૧ ટકા પ્રમાણેની લોન આપવાનોનિર્ણય લીધોછેતેગેરકાયદેસર છે. બીજી તરફ આ અંગે સરકારી વકીલ પ્રકાશ જાનીએ દલીલ કરતા જણાવ્યું હતુંકેસરકારની ઔદ્યોગિક નીતિ પ્રમાણે લેવાયેલા નિર્ણયના કારણે રોજગારીમાં વધારો થયો છે. ઓટોમોબાઈલ સેક્ટરમાં અન્ય ઉદ્યોગો પણ ગુજરાત તરફ આકર્ષાયા છે. ઉપરાંત તેમણે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ટાંકતા કહ્યું હતું કે નીતિવિષયક નિર્ણયમાં કોર્ટે હસ્તક્ષેપ ન કરવો. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી અરજદાર હિમાંશુ પટેલની જાહેરહિતની અરજી ફરાવી દીધી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

જાહેરમાં કચરો સળગાવવો એ ગુનો છે, એવું ભારતની સર્વોચ્ચ અદાલતે જાહેર કર્યું છે. આમ છતાં ગાંધીનગર શહેરમાં વારંવાર જાહેરમાં કચરો સળગાવાય છે. અખબારો પાના ઉપર પણ છેલ્લા પાંચ વર્ષમાં એક હજાર વખત છપાયું હશે, પરંતુ નઘરોળ તંત્રને કોઈ અસર થતી નથી. એની પ્રતિતી કરાવતી તસવીર.

ચિરવિદાય

- સ્વ. લીલાભાઈ લેબાભાઈ રબારી (ઉ.વ.૬૫) બ્લોક નં. ૫૯૮/૧, કિશાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. કાળાજી શકરાભાઈ ઠાકોર (ઉ.વ.૩૫) મુ.પ્રાંતિયા, તા.જી.ગાંધીનગર.
- સ્વ. પ્રવિણભાઈ ઉત્તમરામ પંચાલ(ઉ.વ.૬૮) પ્લોટ નં.૬૯૦/૧, સેક્ટર-પસી, ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૨
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૩૮ ટકા ● સાંજે ૧૮ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

યિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું.

વૃષભ : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે.

મિથુન : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

કર્ક : સગા સંબંધીઓથી મુલાકાત થશે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

કન્યા : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે.

તુલા : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃશ્ચિક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે.

ધન : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

કુંભ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

મીન : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.